ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦/૨૧–૨૨/ 2992 તારીખ : - 7 OCT 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ,**
**પ્રાથમિક શાળા પાસે,**
**મું.શેત્રાના**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**
**મો.નં–૯૨૬૫૧૯૧૪૨૯/૮૧૨૮૦૮૫૨૯૭.**

કેસ નં.૧૦/૨૧–૨૨

**વિષય : ખેતીવાડી નોર્મલ વારાનું એસ.પી.એ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૫/૦૪/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૪/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૧–૨૨/૧૩૨૪ તા.૨૨/૦૪/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૧–૨૨/૨૩૨૩ તા.૦૫/૦૮/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૧–૨૨/૨૪૮૨ તા.૨૧/૦૮/૨૦૨૧.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૧–૨૨/૨૭૩૪ તા.૧૪/૦૯/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૦૯/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

30/10/21

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

O/C

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૩/૦૯/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ, મું.શેત્રાના, તા.મહુવા, જી.ભાવનગર ની ખેતીવાડી નોર્મલ વારાનું એસ.પી.એ કનેકશન ન મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૧–૨૨/૧૩૨૪ તા.૨૨/૦૪/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૦૯/૨૦૨૧ તથા તા.૨૩/૦૯/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૨૩/૦૯/૨૦૨૧** ના રોજ વાદી પોતે શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફ શ્રી એસ.બી. વસાણી – ના.ઈ., તથા શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ, પ્રાથમિક શાળા પાસે, મું.શેત્રાણા, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવે છે.

૧.૨ વાદીશ્રી ભાવનગર જીલ્લાના તા.મહુવા ના શેત્રાણા ગામે સતીવાળા વિસ્તારમાં સર્વે નં–૪૯ પૈકી ૩ ની ખેતીવાડી આવેલ છે. ખેતીવાડીમાં વિજ કનેકશન ની જરૂરીયાત હોવાથી અમારી વિજ કચેરી પીજીવીસીએલ બગદાણા છે.

૧.૩ ખેતીવાડી ના વિજ કનેકશન માટે નોર્મલ વારા એસ.પી.એ માં તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ ના નાણાં ભરેલ. ત્યારબાદ, ક્રમવાર પ્રમાણે ખેતીવાડી નું વિજ કનેકશન મંજૂર થવાથી કર્મચારી મોજણી સર્વે

Grievance Redressal P.G.V.C.L.

ગયેલ. હાજર અધિકારી એ જણાવેલ કે, નવા આધાર પુરાવા લઈને આવો, અમો નવા આધાર પુરાવા લઈને બગદાણા વિજ કચેરીમાં આપેલ.

૧.૪ એ–વન ફોર્મ ભરીને આપો, એ–વન ફોર્મ ભરીને કોટેશન સાથે જોડીને કોટેશન ના નાણાં ભરવા ગયેલ. સાહેબે જણાવેલ કે, બાજુની ઓફીસમાં બિલીગ વિભાગમાંથી નો–ડયુ કઢાવતા આવો. બિલીગ વિભાગ માં ડી.વાય.એસ.એ તમામ પેપર તપાસ કરેલ થોડી પૂછપરછ કરેલ અને જણાવેલ કે, સેંદરડા ગામ ના રૂા.૨૩,૦૦૦/– બાકી છે તે ભરી આપો. ત્યારબાદ, કવોટેશન ના નાણાં લેવામાં આવશે.

૧.૫ મેં જણાવેલ કે, સેંદરડા ગામમાં મારે ખેતીવાડી કે મકાન નથી કોઈક ના અન્ય ના નાણાં મારે થોડા ભરવાના હોય, તમે તપાસ કરાવો. મારે ફકત શેત્રાણા માં ખેતીવાડી છે બીજા કોઈ ગામમાં મારે ખેતીવાડી નથી. ભળતા એક તેવા ગમે ગામમાં હોય છે. છતાં, સાહેબ માનેલ નહી અને જણાવેલ કે, રૂા.૨૩,૦૦૦/– સેંદરડા ગામ ના તમારે ભરવા પડશે. ભળતા નામ તો દરેક ગામ શહેર ગામડામાં હોય છે. અધિકારી/કર્મચારીએ તપાસ કરવી જોઈએ શેના નાણાં બાકી છે. ? ગામ અલગ છે અનેક વખત વિજ કચેરીમાં ગયેલ છતાં, કવોટેશન ના નાણાં સ્વીકારેલ નહીં. છેલ્લી તારીખ ગયેલ તો જણાવેલ કે, મુદત માંગી લ્યો ટાઈમ લીમીટ લંબાવવા ની અરજી બળજબરી થી લખેલ ત્યારબાદ, નવું કવોટેશન આપેલ નથી.

૧.૬ કચેરીમાં અનેક વખત ફરીયાદ કરેલ છે સાથે આધાર પુરાવા જોડેલ છે. અમારી ફરીયાદ નો અભ્યાસ કરી બેદરકાર અધિકારી/કર્મચારી ઉપર નિયમ મુજબ પગલા લેવા અને મુદત લંબાવી કવોટેશન આપવા હુકમ કરવા વિનંતી.

૧.૭ અમોએ સેંદરડા ગામનો સરપંચ નો દાખલો કઢાવેલ કે, શેત્રાણા ગામના રણુભાઈ મનુભાઈ ને સેંદરડા ગામ માં ખેતીવાડી નથી. શેત્રાણા તલાટી મંત્રી નો દાખલો કઢાવેલ કે, રણુભાઈ મનુભાઈ ને અન્ય ગામમાં ખેતીવાડી નથી તે સાથે જોડેલ છે.

૧.૮ બેદરકારો ઉપર કંપની ના નિયમ મુજબ પગલા લઈ મને કવોટેશન આપવા હુકમ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર નું નામ – શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ

૨.૨ રજીસ્ટ્રેશન – પહોંચ નં–૯૦૮૨૦૮ રૂા.૨૦૦/– તા.૨૪/૧૨/૨૦૧૮ (જીએસટી સાથે)

૨.૩ કવોટેશન આપ્યા તા.– આઉટ વર્ડ નં–૨૮૮૧ તા.૯/૭/૨૦૧૯

૨.૪ SPA સ્કીમ – ૨૦૧૮

૨.૫ કેટેગરી – AG

૨.૬ ચેકીગ શીટ નંબર અને તા.– ૮૧૪૪૦ તા.૧૭/૧૦/૨૦૧૫

૨.૭ ચેકીગ અધિકારી/કર્મચારી – શ્રી એ.સી.ગામીત (નાયબ ઈજનેરશ્રી), શ્રી કે.ડી.રાઠોડ(એલ.આઈ.)

૨.૮ ચેકીગ અધિકારીની રીમાર્કસ – ચેકીગ શીટ માં વિસ્તાર/ગામ તરીકે શેત્રાણા સીમ દર્શાવેલ છે તેમજ કલમ–

રહેલ. હાજર પ્રતિનિધિ એ સહી કરેલ નથી.



૨.૯ સદર ચેકીંગશીટ મુજબ બિલીંગ વિભાગ દ્વારા તા.૨૩/૧૧/૨૦૧૫ ના રોજ આઉટવર્ડ નં–૧૦૯૧૯ થી કલમ–૧૩૫ નું નોન કન્ઝયુમર રૂા.૨૩૨૦૦/૪૪ નું પુરવણી બિલ અને કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા.૩૦૦૦/– દર્શાવેલ. આમ, કુલ રૂા.૨૬૨૦૦/૪૪ રકમ નું બિલ આર.પી.એ.ડી પોસ્ટ થી વાદી શ્રી રણુભાઈ મનુભાઈ ગોહિલ, ગામ– શેત્રાણા, તા.મહુવા ના સરનામે બિલ આપેલ.

૨.૧૦ વાદી દ્વારા પોતે શેત્રાણા ગામના રહેવાસી છે તેમજ તેમની જમીન શેત્રાણા ગામમાં છે તેવો સેંદરડા ગ્રામ પંચાયત નો સરપંચ નો દાખલો તેમજ શેત્રાણા ગ્રામ પંચાયત ના તલાટી કમ મંત્રી નો દાખલો રજૂ કરેલ છે.

૨.૧૧ વાદીને આપેલ કલમ–૧૩૫ (નોન કન્ઝયુમર) નું પુરવણી બિલ આજદિન સુધી ભરેલ નથી.

૨.૧૨ વધુમાં, વાદી શ્રી ગોહિલ રણુભાઈ મનુભાઈ સર્વે નં–૪૯ પૈકી ૩ ના ૭/૧૨ ના દાખલામાં હકકપત્રક નં–૮૨૦ તા.૨૨/૧/૨૦૧૫ મુજબ સદર સર્વે નંબર માં જપ્તી ની નોંધ પાડેલ છે. સદર જપ્તી ની નોંધ રદ થયેથી, તેમજ વાદીને આપેલ પુરવણી બિલ કમ્પાઉન્ડીંગ સાથે રકમ ભરપાઈ કર્યા થી વાદીનું ખેતીવાડી નોર્મલ વારા નું એસ.પી.એ.કનેકશન આપવામાં આવશે. જે આપ સાહેબશ્રી ની જાણ સારૂં.

Consumer G... Redressal Forum ...C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી ગોહિલ વનરાજસિંહ રણુભાઈ, રહે.ગામ શેત્રાણા, તા.મહુવા એ શેત્રાણા ગામ ની સીમમાં સર્વે નં–૪૯/૩ માં તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ જરૂરી નોંધણી ચાર્જ ભરી અને ખેતીવાડી વિજ જોડાણ માટે પ્રતિવાદી ની બગદાણા ઓફીસમાં અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીએ વાદીના માંગેલ ખેતીવાડી વિજ જોડાણ માટે જરૂરી સર્વે કરી તા.૯/૭/૨૦૧૯ ના રોજ વાદીને રૂા. ૭૮૫૩/– નું અંદાજપત્ર ના નાણાં ભરપાઈ કરવા માટે આપેલ. પરંતુ, વાદી જયારે અંદાજપત્ર ભરવા માટે પ્રતિવાદીની કચેરીમાં ગયેલ ત્યારે, અંદાજપત્ર સ્વીકારેલ નહી અને વાદીને જણાવેલ કે, તેઓના રૂા.૨૩,૦૦૦/– ભરવાના બાકી નીકળતા હોઈ તે ભરપાઈ થયા બાદ અંદાજપત્ર ના નાણાં સ્વીકારવામાં આવશે.

૩.૩ વાદીએ ફોરમને તા.૩/૯/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન જણાવેલ કે, તેઓના બાજુ ના ગામ સેંદરડા માં વાદીનું નામ ધરાવતી વ્યકિત ગોહિલ વનરાજસિંહ રણુભા રહે છે અને તેઓ પણ ખેતીની જમીન ધરાવે છે. વાદી ના ખેતીવાડી નો સર્વે નં–૪૯/૩ ની જમીન બાજુના સેંદરડા ગામની હદ પાસે જ આવેલ છે. તેમજ સેંદરડા ગામ ની હદ માં વાદીની જમીન પાસે જ સેંદરડા ગામના રહીશ રણુભાઈ ગોહિલ ની જમીન આવેલ છે. આથી, પ્રતિવાદી એ અમોને આપેલ રૂા.૨૩,૦૦૦/– નું વિજ ચોરી નું બિલ અમારે ભરપાઈ કરવાનું થતું નથી.

૩.૪ તા.૩/૯/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન વાદીની રજૂઆત પરથી ફોરમે પ્રતિવાદી ને વાદીએ માંગેલ વિજ જોડાણ વાળી જગ્યા નો સ્થળ પર નો સર્વે કરવા જણાવેલ. તેમજ વાદીએ કરેલ રજૂઆત બાબતે તપાસ કરી હકીકત નો અહેવાલ ફોરમ ને રજૂ કરવા જણાવેલ.

૩.૫ તા.૨૩/૯/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદી એ વાદીને સ્થળ અને જગ્યા ની તપાસ નો લેખિત અહેવાલ રજૂ કરેલ છે.

૩.૬ પ્રતિવાદીના તા.૨૩/૯/૨૦૨૧ ના રોજ આપેલ અહેવાલ મુજબ સેંદરડા ગામમાં વાદીનું નામ ધરાવતી વ્યકિત રહે છે. તેમજ વાદીનું અને સેંદરડા ગામના વ્યકિત રણુભાઈ ગોહિલ ને સેંદરડા ગામની સીમમાં ખેતીવાડી ની જમીન છે. તેમજ આ કેસના વાદી અને સેંદરડા ગામના રણુભાઈ ગોહિલ બન્નેની વાડીમાં બાજુ બાજુમાં છે. તેમજ બન્ને ગામની સીમ ત્યાં વાદીની વાડી પાસે જુદી પડે છે. આથી, ખરેખર વિજ ચેકીંગ સેંદરડા ગામના રહીશ કે જેની વાડી સેંદરડા ગામની સીમમાં છે. તેનું થયેલ અને વિજ ચોરી નું બિલ રૂા.૨૩૨૦૦/– + રૂા. ૩૦૦૦/– (કમ્પાઉન્ડીગ ચાર્જ) એ સેંદરડા ગામના રણુભાઈ ગોહિલ એ ભરવાનું થાય છે. પ્રતિવાદીએ ભૂલ થી

૩.૭ પેરા નં–૩.૬ પરથી સ્પષ્ટ તારણ નીકળે છે કે, પ્રતિવાદીએ વાદીનું નામ ધરાવતી સેંદરડા ગામની વ્યકિત રણુભાઈ ગોહિલનું વિજ ચેકીંગ કરેલ અને તેમને વિજ ચોરી નું બિલ આપેલ. પરંતુ, વિજ ચોરી ના બિલ ની રકમ વાદીના ખાતામાં ઉધારેલ અને આ બાકી બિલ ની રકમ ને કારણે, પ્રતિવાદીએ વાદીને અંદાજપત્ર ની રકમ ભરવાની અટકાવેલ. જેને કારણે વાદી અંદાજપત્ર ની રકમ ભરી શકેલ નહી અને વાદીને વિજ જોડાણ મળેલ નથી.

૩.૮ પેરા નં–૩.૬ અને ૩.૭ ના તારણો અને અવલોકનો પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીને આપેલ રૂા.૨૩,૨૦૦/– નું પુરવણી બિલ તથા રૂા.૩,૦૦૦/– નો કમ્પાઉન્ડીંગ ચાર્જ નું બિલ વાદીએ ભરવાપાત્ર ન હોઈ, વાદી પાસેથી ન વસુલવું અને દિવસ–૩૦ માં વાદીને તેઓએ માંગેલ વિજ જોડાણ નું અંદાજપત્ર ફરીથી આપવું તેમજ વાદીએ પ્રતિવાદી ને જરૂરી નવા વિજ જોડાણ માટે ના જરૂરી રેવન્યુ ડોકયુમેન્ટ રજૂ કરી પ્રતિવાદી ને સહકાર આપવો અને અંદાજપત્ર ભર્યેથી, નિયમ મુજબ કાર્યવાહી કરીને વાદીને વિજ જોડાણ આપવું.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૩/૦૯/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.